જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૧/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૬૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૩૬૬ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬ બિયર ટીન, ૦૧ રિક્ષા અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૬૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૫૬૯/૨૦૨૫**

નવરંગપુરાઃ પ્રશાંત મહાદેવભાઇ જોષી (ઉ.વ.૨૮) (રહે. આર્યવિલા એપાર્ટમેન્ટ, ન્યુ રાણીપ) એ તા.૦૬/૧૧/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગષ્ટ/૨૦૨૨ થી માહે ઓક્ટોબર/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા મીઠાખળી પાસે આવેલ બેંક ઓફ બરોડા ખાતે આરોપી પ્રમુખ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઇટર (૧) ચિંતન શાંતીલાલ પરમાર (રહે. હેરીટેઝ હાઇટસ રીધર પ્લાઝા પાછળ નિકોલ) અને (૨) સંદીપ સ/ઓ કિરીટભાઇ પટેલ (રહે. મેઘ મલ્હાર ફલેટ સ્વામિનારાયણ ગુરુકુળ સામે નિકોલ) એ ભેગા મળી પ્રશાંત જોષીના મામા નાઓને "એમ.એસ.એમ.ઈ. (લઘુ ઉદ્યોગ) નો ધંધો કરવા માટે કોઈપણ વસ્તુ મોર્ગેજ મુક્યા વગર લોન કરાવી આપવાનો પ્રશાંત જોષીને ભરોસો તથા વિશ્વાસ આપી કઠવાડા ખાતે આટામીલની ફેક્ટરીનો ધંધો કરવા બાકરોલમાં ભાડેથી એક સેડ રાખેલાનુ કહીં ભાડાના એડવાન્સ રૂપિયા ૪૦,૦૦૦/– મેળવી લઈ પ્રશાંત જોષીની જાણ બહાર ખોટી સહીઓ કરીને ભાડા કરાર કરી તેમજ પ્રશાંત જોષીના નામની મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝ નામની એક ફર્મ બનાવી પ્રશાંત જોષીના નામનું કરન્ટ ખાતું ખોલાવી આટામીલના પ્લાન્ટ માટે રૂપિયા ૭૫,૫૨,૦૦૦/– નુ પ્રમુખ એન્ટરપ્રાઈઝ નામની કંપનીનું કોટેશન બનાવી બેંકમાં જમા કરાવી રૂપિયા ૫૦,૦૦,૦૦૦/– લોનની સેન્કશન થયેલ રકમ પ્રમુખ એન્ટરપ્રાઈઝ નામની કંપનીના ખાતામાં મેળવી લઈ કોઈપણ જાતની મશીનરી નહીં આપી પ્રશાંત જોષી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એ.પટેલ ચલાવે છે.

લુંટઃ– **સમાચાર યાદી નં.૧૫૭૦/૨૦૨૫**

પાલડીઃ આશીષ સ/ઓ આદેશસિંગ સેંગર (ઉ.વ.૩૭) (રહે. સાંઇનાથ એવન્યુ વિશ્વકર્મા મંદિરની બાજુમાં ઘોળકા રોડ કાશીન્દ્રા) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૬/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર રેલવે સ્ટેશનથી પોતાના ઘરે જવા માટે આશીષ સેંગર નાઓ તેમના માતા–પિતા તથા બે બહેનો સાથે રિક્ષામાં બેસી એન.આઇ.ડી.થી આગળ મહાલક્ષ્મી પાંચ રસ્તા તરફ જતા ભગવાનનગરના ટેકરાવાળા ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટુ વ્હીલર ઉપર આવેલ બે પુરૂષ આશીષ સેંગરના માતાના ખોળામાંથી થેલો ઝુટવી લુંટ કરી નાસી ગયા હતા. જે થેલામાં સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩,૨૮,૧૭૩/– અને રોકડ રૂપિયા ૭૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૪,૦૩,૧૭૩/– મતા હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.આર.પરડવા ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૫૭૧/૨૦૨૫**

રામોલઃ તૃમ્મીબહેન વા/ઓ સુમંતભાઈ ડબીર (ઉ.વ.૪૫) (રહે. સરોવર–૦૪ બાપા સીતારામ ચોક પાસે વસ્ત્રાલ) તા.૦૬/૧૧/૨૦૨૫ કલાક ૦૭/૪૫ વાગ્યાના સુમારે શાશ્વત મહાદેવ–૦૩ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ તૃમ્મીબહેન ડબીરના ગળામાંથી સોનાની પેડલ સહીતની ચેઈન કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ તૃમ્મીબહેન ડબીર એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૫૭૨/૨૦૨૫**

અમરાઈવાડીઃ ધર્મેન્દ્રભાઇ નરેન્દ્રભાઈ મુદલીયાર (ઉ.વ.૪૬) (રહે. ગોપાલનગર ગણેશ મંદિર પાસે જોગેશ્વરી રોડ અમરાઈવાડી) ના પત્નીના અકાળે મૃત્યુ થવાના લીધે એકલવાયું જીવન જીવતા હોય માનસિક બીમારીથી કંટાળી તા.૦૬/૧૧/૨૦૨૫ સાંજના ૦૬/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેષકુમાર ગોવિંદભાઈ ચલાવે છે.

ઓઢવઃ યોગેશ કનુભાઈ સોલંકી (ઉ.વ.૨૮) (રહે. ઈન્દીરા આવાસ યોજના ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૧/૨૦૨૫ કલાક ૧૨/૦૦ થી સાંજના ૦૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઇ જગમાલભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી